



## પ્રાંતિજના સીતવાડા ખાતે આવેલ રણછોડરાય ભગવાનની પાલખી નિકળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આજે ભગવાન રણછોડરાય ભગવાનની પાલખી નિકળી હતી તો છેલ્લા ૨૩ વર્ષથી ભગવાન રણછોડરાય ભગવાનની પાલખી નિકળે છે. પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ ભગવાન રણછોડ રાય ના મંદિરે થી દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મહાસુદ અગિયારસ ના દિવસે નિકળતી ભગવાન રણછોડ રાય ની પાલખી નિકળી હતી અને દર વર્ષની જેમ ડીજે ઢોલ નગારા સાથે વાજતે-ગાજતે ધામધૂમથી રણછોડરાયની પાલખી કાઢવામા આવી હતી. તો સીતવાડા ખાતે મેરાજી વાસના રહીશો દ્વારા ઘરે-ઘરે રણછોડરાય ભગવાનની પધરામણી કરાવવામા આવી હતી અને પુજા કરી આરતી ઉતારી પ્રસાદ વહેંચીને ધન્યતા અનુભવી હતી તો મેરાજી વાસના રહીશો સહિત ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા તો છેલ્લા ૨૩ વર્ષથી ભગવાન રણછોડરાયની પાલખી ગામમા નિકળે છે અને મંદિર વ્યવસ્થાપકો દ્વારા સુંદર આયોજન કરવામા આવે છે.

## વાહનચાલકો આનંદો : ટોલપ્લાઝા પર ૧લી માર્ચ સુધી ફાસ્ટટેગ મળશે મફત

### જિલ્લાના વાહનચાલકો ફ્રી ફાસ્ટટેગ મુદ્દે અવઢવમાં

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૩

તા.૧૫ ફેબ્રુઆરીથી હાઈવેના ટોલપ્લાઝા ઉપર ફાસ્ટટેગ અમલી બની ગયો છે. એકાએક અમલથી ફાસ્ટટેગ માટે વાહનચાલકોમાં દોડધામ થયા બાદ નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ૧ માર્ચ સુધી ફાસ્ટટેગ ફ્રીમાં આપવાનો નિર્ણય કર્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અમદાવાદ-શામળાજી હાઈવે તેમજ શામળાજી-ગોધરા હાઈવે ઉપર પસાર થતા વાહનચાલકોને ફ્રી ફાસ્ટટેગનો લાભ મળશે કે કેમ ? તે કોઈ અંગે સ્થાનિક સ્પષ્ટતા કરાઈ ન હોવાથી જિલ્લાના વાહનચાલકો અવઢવમાં છે. ટોલપ્લાઝા સંલગ્ન ગામોના સ્થાનિક વાહનચાલકોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી પરંતુ નવી અમલવારીમાં પાસ સિસ્ટમ ફરજીયાત બનાવાતાં હાઈવે ઓથોરીટીએ આ મુદ્દે પણ સ્પષ્ટતા કરવાની જરૂર ઉભી થઈ છે.

ડિજીટલ ઈન્ડિયા મિશનને પ્રોત્સાહન આપવાના આશય સાથે નેશનલ હાઈવે ઓથોરીટીએ વાહન ચાલકોને ફ્રીમાં ફાસ્ટટેગ આપવાનો નિર્ણય કર્યો છે. જિલ્લામાં હાઈવે ટોલપ્લાઝા ઉપર ફાસ્ટટેગની અમલવારીને ૧૦ દિવસનો સમય વીત્યો છે. વાહનચાલકોએ ફાસ્ટટેગ માટે દોડધામ શરૂ કરી હતી ત્યાં હવે દેશના ૭૭૦ ટોલપ્લાઝા પર ૧ માર્ચ ૨૦૨૧ સુધી એનઈટીસી પ્રોગ્રામ હેઠળ ફ્રી ફાસ્ટટેગની સુવિધા ઉભી કરવામાં આવી છે જેમાં વાહનચાલકો ફ્રીમાં પોતાના વાહનનો ફાસ્ટટેગ મેળવી લેવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ફાસ્ટટેગ વોલેટમાં હવે મિનિમમ બેલેન્સ રાખવાના નિયમને પણ દૂર કરાયો છે. જેમાં બેલેન્સ ઓછું હશે તો વાહનચાલકને ટોલપ્લાઝા પર રોકવામાં આવશે નહિ જ્યારે ટોલપ્લાઝા પર ટેકનિકલ ખામીના કારણે ફાસ્ટટેગનો ઉપયોગ કરનારને કોઈપણ ફી ચુકવ્યા વગર પસાર થવાની મંજુરી આપવામાં આવી છે જોકે જિલ્લામાંથી પસાર થતાં હાઈવે અને સ્ટેટ હાઈવે ઉપર ઉભા કરવામાં આવેલ ટોલપ્લાઝા ઉપર ફ્રી ફાસ્ટટેગની સગવડ ઉભી કરી જિલ્લાના વાહનચાલકોને તેનો



લાભ મળશે કે કેમ ? તે અંગે વાહનચાલકોમાં અસમંજસની સ્થિતિ છે. ૧૫ ફેબ્રુઆરીથી ફાસ્ટટેગનો અમલ થતાં મોટાભાગના વાહનચાલકોએ ફાસ્ટટેગ મેળવી લીધા પછી હવે ફાસ્ટટેગ મફતમાં આપવાનો નિર્ણય ચર્ચાસ્પદ બન્યો છે.

## દાનવ રૂપી દહેજ પ્રથાને કારણે સુરતની પરિણીત મહિલાના જીવન સંસારમાં આગ લાગી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૩

અત્યારે સંજોગો અને સમય બદલાયા પણ દીકરી પ્રત્યેનો દવેશ ૨૧ મી સદીમાં પણ બદલાયો નથી. સમાજે સુસંસ્કૃતતા અને આધુનિકતાની ચાદર તો ઓઢી પરંતુ તે ચાદરની થીંગડાની નિશાનીઓ તો રહી જ ગઈ.

આજે એકવીસમી સદીમાં પણ એક સળગતો પ્રશ્ન છે દહેજપ્રથા.આપણે ભૌતિક રીતે તો મોડર્ન થયા છીએ પણ જૂની ને ત્યાગ કરવા જેવા જેમ કે દહેજ પ્રથા જેવા ઘણા રીતિ-રીવાજ આપણે છોડતા નથી. આ દુષણ ફક્ત લગ્ન પ્રસંગો માં નહિ દરેક શુભ-અશુભ પ્રસંગોમાં ફેલાયેલું છે.ઘણા એવા પ્રસંગોમાં રીતિ-રીવાજ-પરંપરાના નામે જબરદસ્તી રૂપિયા, સામાન કે સંપતિની લેવડ-દેવડ થાય છે.આમ સમાજ ઓફીસીઅલ દહેજની સાથે અન-ઓફીસીઅલ દહેજની આગમાં પણ સળગી રહ્યો છે.

**લગ્નજીવન ભંગાણના આરે : માન - મોભા પ્રમાણે પહેરામણી લાવી નથી, જીયાણું - આણું બરાબર નથી એવા મહેણાં ટોણાં મારી ઓસ્ટ્રેલિયા જવા માટે રૂ. ૧૦ લાખની માગણી કરી હોવાનું પરિણીતાનો આક્ષેપ**

મહિલાઓના પ્રશ્નો અને તેમની સમસ્યાઓ, સ્ત્રી દાક્ષિણ્ય જેવી બાબતો વિશે ઘણા લોકો જાણતા હોય છે, પરંતુ તેના વિશે વાત કરવાની આવે કે ઘરની અંદર કે બહાર સ્ત્રીઓ સાથેના વર્તનની વાત આવે ત્યારે આ બાબતો ભૂલાઈ જતી હોય છે. તેનું કારણ આપણી પરંપરાઓ કે વર્ષોથી આપણામાં આરૂઢ થઈ ગયેલાં વિચારો હોય છે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ મુદ્દે લોકોમાં સંવેદનશીલતા લાવવા અથાગ પ્રયત્નો જરૂરી છે.

હિંમતનગરમાં પિયર ધરાવતી સુરતની પરણિત મહિલાને પતિ સહિત સાસુ-સસરાએ માંન - મોભા પ્રમાણે પહેરામણી લાવી નથી , જીયાણું - આણું બરાબર નથી એવા મહેણાં ટોણાં મારી ઓસ્ટ્રેલિયા જવા માટે રૂ. ૧૦ લાખની માગણી કરી શારીરિક-માનસિક ત્રાસ ગુજરાતા પરિણીત મહિલાએ હિંમતનગર મહિલા પોલીસ મથકે સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે ઈપીકો કલમ ૪૯૮ (ક) , ૧૧૪ દહેજ ધારા કલમ ૪ મુજબ પોલીસે પતિ સહિત સાસરિયાંઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગરના મહાવીરનગર વિસ્તારના ખેડ તસિયા રોડ ઉપર આવેલ સુઘમ પાર્ક સોસાયટીમાં પિયર ધરાવતા દીપલબેન જગદીશભાઈ પટેલ ના લગ્ન આજથી આશરે નવેક વર્ષ અગાઉ સુરતના ભટાઉ વિસ્તારમાં ગાયત્રી મંદિર પાસે આવેલ મહાવીર નગર એપાર્ટમેન્ટમાં રહેતા વીકી મહેન્દ્ર ભાઈ કાંતિલાલ પટેલ સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા લગ્નજીવનના શરૂઆતના બે વર્ષ બાદ ૨૦૧૪ થી તા. ૧૨-૦૩-૨૦૧૭ સુધીના સામે ગાળા દરમિયાન દીપલબેનના પતિ તથા સાસુ-સસરાએ અમારા મોભા પ્રમાણે પુરતી પહેરામણી લાવી નથી, જીયાણું - આણું બરોબર કર્યું નથી તેવું વારંવાર કહી મેણા-ટોણા માર્યા હતા તેમજ દીપલબેન ના પતિ વીકી મહેન્દ્ર ભાઈ કાંતિલાલ પટેલ તેમના માતા-પિતાના કહ્યામાં આવીને દીપલબેન ને વારંવાર મારઝૂડ કરી તેમજ પતિ સહિત સાસુ-સસરાએ ઓસ્ટ્રેલિયા જવા માટે રૂપિયા ૧૦ લાખની માગણી કરી શારીરિક-માનસિક ત્રાસ ગુજરાતા પરિણીત મહિલાએ મહિલા પોલીસ મથકે સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે ઈપીકો કલમ ૪૯૮ (ક) , ૧૧૪ દહેજ ધારા કલમ ૪ મુજબ પોલીસે પતિ સહિત સાસરિયાંઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જિલ્લામાં વસંતઋતુનો વૈભવ છવાયો

**આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના, ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના...**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વસંતપંચમી પછી સર્વત્ર ઋતુરાજ વસંતનો વૈભવ છવાયો છે. વાટેને વગડે કેસૂડાંના વૃક્ષો અને ડુંગરો પછી રસ્તાની સાઈડોમાં મોજૂદ કેસૂડાના વૃક્ષો રંગોના પર્વ હોળી-ધૂળેટીના તહેવારને આવકારવા આતુર બન્યા હોય તેવો માહોલ છે.



પ્રકૃતિથી હર્યાભર્યા જિલ્લામાં ચોમાસા પછી કુદરતી આહલાદક વાતાવરણ ઉભું થતું હોય છે. વસંતઋતુમાંતો પ્રકૃતિનું કામણ ચારેકોર પથરાતું હોય છે. હાલમાં કેસૂડાના વૃક્ષો ફૂલોથી લચી પડતાં વસંતઋતુનો ઠાઠ જામ્યો છે.

વિકાસની આંધળી દોટમાં પ્રકૃતિનું નિકંદન નીકળવા લાગ્યું છે. શહેરી વિસ્તારોમાં સિમેન્ટ-ક્રોક્રીટના જંગલો ઉભા થતાં વનશ્રીના વૈભવને ઝાંખપ લાગી છે પરંતુ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજા પ્રકૃતિ સાથે ઓતપ્રોત જીવન વીતાવતી હોવાથી હરેક બદલાવની નોંધ લેવાતી હોય છે.

હમણાંથી ખેતરના સીમાડાં હોય કે ગાઢ જંગલ વિસ્તાર અત્રતત્ર સર્વત્ર માહોલ પ્રકૃતિના ગાઢ આલિંગનમાં આવી ગયો છે. કેસૂડાના વૃક્ષો પુરબહારમાં ખીલી ઉઠતાં જાણે કે કેસૂડા આગથી ઘેરાયાં હોય તેવા દશ્યો જોઈ પ્રકૃતિ પ્રેમીઓ હરખાઈ રહ્યા છે. કેસૂડાની સાથે આંબા પણ મ્હોરી ઉઠ્યા છે જેથી વાતાવરણમાં પ્રસરતાં વાયુમાં વસંતઋતુની માદકતા અનુભવાય છે. જિલ્લામાં વસંતઋતુના કારણે પુરબહારમાં ખીલી ઉઠ્યા છે. પાનખર ઉપર વસંતે આધિપત્ય જમાવતાં ગિરિકંદરાઓમાં પ્રકૃતિના આહલાદક નજારાથી પ્રકૃતિ પ્રેમીઓ હરખાઈ ઉઠ્યા છે. જિલ્લામાં ખેતરના સીમાડાં વૃક્ષો ફૂલોથી લચી પડતાં કવિ મનોજ ખંડેરીયાની..આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના, ફૂલોએ બીજુ કૈં નથી, પગલાં વસંતના. પંક્તિઓ મનને અચૂક સ્પર્શી જાય છે.

## ધાનેરાના લવારા શાળામાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની સારી સંખ્યા જોવા મળી

ગુજરાત રાજ્યમાં આજથી ઉચ્ચ પ્રાથમિક શાળા ધોરણ ૬ થી ધોરણ ૮ સુધી શરૂ કરવામાં આવી છે જેને લઈને શાળાઓમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા પણ સારી એવી જોવા મળી રહી છે તેમજ શાળા દ્વારા સરકારની ગાઈડ લાઈનનો પણ ચુસ્તપણે અમલ કરવામાં આવી રહ્યો છે. શાળામાં આવતા વિદ્યાર્થીઓને થર્મલગન દ્વારા ટેમ્પ્રેચર માપવામાં આવી રહ્યું છ. સેનિટાઈઝર કરવામાં આવે છે જો કે શાળાને સંપૂર્ણપણે સેનિટાઈઝર કરી દેવામાં આવી છે અને દરેક વિદ્યાર્થીને માસ્ક પહેરવા માટે પણ કહેવામાં આવ્યું છે જોકે જે વિદ્યાર્થી માસ્ક પહેર્યા વગર આવ્યો હોય તેવાં સંજોગોમાં તેને શાળા તરફથી માસ્ક પણ આપવામાં આવી રહયા છે.



## ટીંટીસરમાં ખોડિયાર જ્યંતી નિમિતે નવચંડી યજ્ઞ યોજાયો

મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર ગામે ખોડિયાર જયંતીની આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બંને ગામના શ્રદ્ધાળુઓએ ખોડિયાર મંદિરે ઉપસ્થિત રહી નવચંડી યજ્ઞનું દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન કર્યું હતું. જેમાં શિવાભાઈ કોહ્યાભાઈ પટેલ અને જયેશભાઈ અરવિંદભાઈ પટેલના યજમાન પદે યોજાયેલા યજ્ઞમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સરડોઈના શાસ્ત્રી હસમુખભાઈ ગોરના આચાર્ય પદે નવચંડી યજ્ઞનું અયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખોડિયાર માઈ મંડળના પ્રમુખ અરવિંદભાઈ પટેલ તેમજ સભ્યોના સહકારથી યજ્ઞની પૂર્ણાહુતિ બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ધાનેરા ખાતે રાષ્ટ્રીય કિસાન સંઘના નેતાઓ રેલ રોકવા માટે ધાનેરા રેલવે સ્ટેશન પહોંચ્યા

કૃષિ કાયદાના વિરોધમાં આજે દેશભરમાં રેલ રોકો આંદોલન કરવામાં આવી રહ્યું છે એ મુજબ ધાનેરા ખાતે રાષ્ટ્રીય કિસાન સંઘના નેતાઓ પણ રેલ રોકવા માટે ધાનેરા રેલવે સ્ટેશન પહોંચ્યા હતા ત્યારે રેલવે પોલીસે તેમને અટકાવતા જેઓ રેલવે પોલીસ ની વાત ન માની રેલવે સ્ટેશન ની અંદર પહોંચી જતા ધાનેરા પોલીસ ને બોલાવી હતી કિસાન નેતાઓ આગળ કાર્યક્રમ આપે એ પહેલાં જ તમામ નેતાઓ ની અટકાયત કરી દેવામાં આવી હતી અને તમામ ને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

## જિલ્લાના એસ. ટી. ડેપોને મંજુર શિડ્યુલનું સો ટકા સંચાલન કરવા આદેશ

### કમાણીના મોહમાં કોરોના કોરાણે મૂકાયો..!

બાયડ, તા.૨૩

કોરોનાના સંક્રમણ ઉપર સંપૂર્ણ અંકુશ આવ્યો નથી અને હવે ફરીથી સ્થિતિ વિસ્ફોટક બનવાના અણસાર છે ત્યારે રાજ્યના એસ.ટી. નિગમે કમાણીના મોહમાં કોરોનાનું જોખમ કોરાણે મુક્યું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બસ મથકોમાં થર્મલ ગનથી મુસાફરોનું સ્ક્રીનીંગ, સેનેટાઈઝ તેમજ સોશ્યલ ડિસ્ટન્સનો સંકેલો થયા પછી હવે વિભાગે મંજુર શિડ્યુલનું સો ટકા સંચાલન કરવાનો તમામ ડેપો મેનેજરોને આદેશ કર્યો છે.

નિગમની આવકમાં વધારો થયા તે માટે કર્મચારીઓનો મહત્તમ ઉપયોગ કરવા સૂચના આપી છે. મુસાફરો એસ.ટી. બસ સેવાનો વધુ લાભ લે તે જોવા અનુરોધ કરાયો છે. બસમથકોમાં સરકારી ગાઈડલાઈનનો છેદ ઉડ્યો છે ત્યાં તમામ શિડ્યુલના સંચાલનના આદેશને પગલે એસ.ટી. નિગમે માત્ર આવક વધારવા ઉપર ધ્યાન આપ્યું હોય તેવા સવાલ થઈ રહ્યા છે.

કોરોનાનું સંક્રમણ ફરીથી હાવી થવાની દહેશત છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નવા સંક્રમિત કેસો બહાર આવતા આગામી માર્ચ મહિનામાં કોરોના સંક્રમણની સ્થિતિ ચિંતાજનક બનવાની સંભાવના ખુદ તબીબો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં કોરોના વેક્સિનેશન શરૂ થયા પછી સરકારી ગાઈડલાઈનનો ભંગ ઠેકઠેકાણે શરૂ થયો છે. સરકારના વિભાગોમાં પણ કોરોનાનું કોઈ જોખમ રહ્યું ન હોય તેવી સ્થિતિ છે જેમાં એસ.ટી. વિભાગે કોરોનાના સંભવિત જોખમને નેવે મૂક્યું છે. તમામ બસમથકો તથા એસ.ટી. બસમાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા છે.

એસ.ટી. નિગમ દ્વારા હવે જિલ્લા સહિત અન્ય તમામ બસ ડેપોને સો ટકા શિડયુલનું સંચાલન કરવા ફરમાન કર્યું છે. શાળા-કોલેજો ખુલી ગયા પછી બસમથકો વિદ્યાર્થીઓ અને મુસાફરોની હાજરીથી ધમધમી રહ્યા છે પણ સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કનું ક્યાંય પાલન દેખાતુ નથી એટલું જ નહિ પરંતુ બસ ડેપોમાં પ્રવેશતા મુસાફરોનું સ્ક્રીનીંગ અને સેનેટાઈઝની કામગીરી બંધ કરી દેવામાં આવ્યા પછી એસ.ટી. વિભાગે શિડ્યુલનું પુરેપુરુ સંચાલન કરવા આદેશ આપતા કોરોનાના જોખમ વચ્ચે માત્ર કમાણી ઉપર જ ધ્યાન અપાયું હોય તેવા આક્ષેપ શરૂ થયા છે.

## ડીસા તાલુકાના રામસન ગામે માધ્યમિક સ્કૂલમાં ૧૧ કેસ પોઝીટીવ આવતા હાઈસ્કુલ તંત્ર અને આરોગ્ય વિભાગ એલર્ટ મોડ

ગુજરાત સરકારની ગાઈડલાઈન મુજબ સ્કૂલ શરૂ થઈ રહી છે ત્યારે કેટલીક શાળા માં કોરોના વાયરસ ની ઘટના સામે આવી છે જો વાત કરવામાં આવે ડીસા ના રામસન ગામ ની તો અહીંયા માધ્યમિક શાળા માં ૧૧ કેશ પોઝીટીવ સામે આવ્યા છે શરૂઆત માં એક શિક્ષક ની વીંટનેશ સામે આવતા સમગ્ર સ્ટાફ અને બાળકો ને ચેક કરાવતા ૨ શિક્ષકો અને ૯ બાળકો ને કોરોના પોઝીટીવ સામે આવ્યા છે હાલ પોઝીટીવ બાળકો અને શિક્ષકો ને હોમ કોરોન્ટાઈઝ કરવમાં આવ્યા છે સ્કૂલ સરકાર ની ગાઈડ લાઈન મુજબ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે આરોગ્ય ટિમ ની સતત દેખરેખ હેઠળ બાળકો હાલ અભ્યાસ કરી રહ્યા છે.

## રડોદરા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત બેઠકના ચૂંટણી જંગમાં ભાજપાના ઉમેદવારોને વ્યાપક સમર્થન

હિંમતનગર, તા. ૨૩



અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની રડોદરા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની બેઠકના ચૂંટણી જંગમાં ભાજપાના ઉમેદવારોને વ્યાપક સમર્થન મળી રહ્યુ છે. રડોદરા જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપાએ રવિકુમાર વલ્લભભાઈ પટેલને ચૂંટણીજંગના મેદાનમાં ઉતારતાં ભાજપાના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો છે જ્યારે રડોદરા તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપાએ શિલ્પાબેન કમલેશભાઈ પટેલને મેદાનમાં ઉતારી કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી છે. રડોદરા જિલ્લા પંચાયત તથા તાબાની તમામ ૪ તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપાના ઉમેદવારોને ગામે ગામ પ્રચંડ સમર્થન મળી રહ્યુ છે તે જોતાં ભાજપાનો ભવ્ય વિજય થશે તેમ તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ માનસિંહ સોઢા પરમારે જણાવ્યુ છે.

**સાક્ષાત કળિયુગની પ્રતીતિ કરાવતો શર્મસાર કિસ્સો**

## સાત સંતાનોના હવસખોર પિતાએ પોતાની ૧૭ વર્ષિય સગીર દીકરી ઉપર બળાત્કાર ગુજારતા સમગ્ર પંથકમાં ચકચાર

હિંમતનગર તા.૨૩

સાક્ષાત કળિયુગની પ્રતિતિ કરાવતા શર્મસાર સમાજના કલંકરૂપ કિસ્સામાં સાત પુત્રોના પિતા એ વાસનામાં ભાન ભૂલીને પોતાની સગીર વયની ૧૭ વર્ષીય દીકરી પર બળાત્કાર ગુજારતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે

આજે હિંમતનગરના સલાટવાસમાં પત્ની કડીયાકામમાં મજૂરીએ ગઈ હતી ત્યારે સગી દીકરી ઉપર સાત સંતાનનના પિતાએ દુષ્કર્મ આચારતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે

કલંકરૂપ કિસ્સામાં સાત પુત્રોના પિતાએ વાસનામાં ભાન ભૂલી સગીર દીકરીને હવસનો શિકાર બનાવતો શર્મસાર કિસ્સો પોલીસ ચોપડે નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આજ રોજ તા.૨૨/૦૨/૨૦૨૧ના સવારના આશરે સાડા આઠેક વાગે ભોગ બનનાર દીકરીની માતા પોલો ગ્રાઉન્ડમાં કડીયાકામ મજૂરીએ ગયેલ હતી. અને આશરે દસેક વાગે હુ કામ કરતી હતી તે વખતે રૂકસાનાબાનુ સત્તારભાઈ શેખ જ્યાં ફરીયાદી કડીયા કામ કરતી હતી ત્યાં તેઓનું સ્કુટી લઈ આવેલા અને તેઓએ કહેલ કે તુ ઘરે ચાલ તારા ઘરે તારો પતિ તમારી દીકરી સાથે જબરજસ્તી કરી દુષ્કર્મ કરે છે તેમ કહેતાં ફરીયાદી તથા રૂકસાનાબાનું સાથે ઘરે આવેલ અને દીકરી રૂમ આગળ રડતી હતી અને રૂમનો દરવાજો આગળથી બંધ હતો. જેથી મે દીકરીને પુછતાં તેણે મને કહેલ કે તેણી ઘરમાં છેલ્લા રૂમમાં કામ કરતી હતી તે વખતે તેના પિતાજી સુરેશભાઈ આવેલા અને તેઓએ આ દીકરીને ખેંચી નીચે પાડી દઈ જબરજસ્તીથી મારા કપડા ઉતારી તેણીની સાથે બદકામ દુષ્કર્મ કર્યુંહતું.

ત્યારબાદ આ તેણીના હવસખોર પિતા સુઈ ગયેલ, જેથી ઘરમાંથી બહાર નીકળવા ગયેલ અને તે વખતે ફરિયાદીએ જોયેલ તો રૂમને તાળું મારેલ હતું. જેથી ચાવી શોધી તાળું ખોલી રૂમની બહાર આવેલ છુ તેમ કહી વાત કરેલ. જેથી ફરીયાદી દરવાજો ’ખોલી અંદર ગયેલ તો તેણીનો પતિ સુઇ રહેલ હતો જેથી મે તેણે જગાડી પુછતાં તેણે ફરીયાદી સાથે ઝગડો- તકરાર કરવા લાગેલા અને ત્યારબાદ આજુબાજુના માણસો આવતાં મારા પતિ ઘરમાંથી જતો રહ્યો હતો.